

## શહેરીજન સંસ્થા સેક્ટર-૭-ડીનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર શહેરીજન સંસ્થા, સેક્ટર-૭-ડીનો સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. શહેરીજન સંસ્થાના વાર્ષિક કાર્યક્રમમાં સભ્યના સંતાન-પૌત્રાદી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન પત્ર, પારિતોષિક સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગરના નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા ૭૫ વર્ષ પૂરા કરનાર સભ્યોનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સર્વેજનો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નવા સેક્ટરોમાં ઓછા ફોર્સથી પાણી આવતા રહિશો ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૧૮

ભર ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાય તે સમજી શકાય પરંતુ ચોમાસાની ઋતુમાં નવવિકસીત સેક્ટરોમાં પાણીનો ફોર્સ ઓછો હોવાથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તેમજ ડબોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી છે. નવા સેક્ટરોને પુરતા ફોર્સથી પાણી આપવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે તંત્રને લેખિતમાં જાણ કરી છે.

શહેરમાં નવ વિકસીત સેક્ટરો માટે પાણીનો કકળાટ ન થાય તે માટે સેક્ટર-૫માં નવિન પાણીની ટાંકી બનાવવામાં આવી છે. તેમ છતાંય પાણીનો ફોર્સ ઓછો આવતો હોવાથી રહિશો કંટાળી ગયા છે. ઈલેકટ્રીક મોટર દ્વારા પાણી ખેંચી રહ્યા છે. જેથી આસપાસમાં રહેતા વસાહતીઓને ઝઘડા પણ થાય છે.

વસાહતીઓને પુરો વાલ ખોલી ફોર્સથી પાણી આપવામાં આવે તેવી માંગણી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કરવામાં આવી છે. વધુમાં છેલ્લા પાંચ દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે. ડહોળા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત નાગરિકોમાં ફેલાયેલી છે. પાણી વિતરણ અને ક્લોરીનેશન અંગે તાત્કાલિક પગલા તંત્ર દ્વારા લેવામાં આવે તેવી લોકોની માંગ છે.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩ દ્વારા વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ શ્રી પિનાકીન રાવલ, મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે, શ્રી કનૈયાલાલ પંડ્યા, શ્રી પંકજ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# વિકાસશીલ તાલુકાઓમાં ઓછા ખર્ચના મામલે પ્રભારી સચિવોને તાકીદ

ગાંધીનગર, તા.૧૮

રાજયના ૪૧ વિકાસશીલ તાલુકાઓના સર્વાંગી વિકાસ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સાથે ઓછો ખર્ચ થયો હોવાનું સરકારના ધ્યાન આવતા આ અંગેની નારાજગી વ્યકત કરીને સરકારે પ્રભારી સચિવોને પૂરતો ખર્ચ થાય તે પ્રકારની કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવી છે.

૪૧ વિકાસશીલ તાલુકાઓમાં ગત નાણાંકીય વર્ષ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને તે પૈકી કરવામાં આવેલ ખર્ચ અંગેની રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષપદે મળેલી એક બેઠકમાં સમીક્ષા હાથ ધરવામાં આવી હતી જે દરમિયાન સરકાર ના ધ્યાન પર એવું આવ્યું હતું કે કેટલાક તાલુકાઓમાં ખર્ચ ઓછો થવા પામ્યો હતો.

આ ચર્ચા દરમિયાન આવો ખર્ચ ઓછો થવા પાછળનું એક કારણ ખર્ચનું રીપોર્ટીંગ ક્ષતિયુકત હોવાનું મંતવ્ય વ્યકત કરીને મુખ્ય સચિવે પંચાયતી રાજ કાઉન્ટીંગ સિસ્ટમમાં સુધારાની જરુરીયાત હોય તો તે ચકાસીને તે દિશામાં કાર્યવાહી કરવા માટે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગને સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં ઉપસ્થિત પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે જિલ્લા વિકાસ અધિકારીઓની એક બેઠક મળનારી છે. તેમાં જિલ્લા આયોજન અધિકારીઓને હાજર રાખીને ચર્ચા કરવામાં આવે તો આ પ્રશ્ન અંગેનો ઉકેલ આવી શકે.

વિકાસશીલ તાલુકાઓમાં ઓછો ખર્ચ થવાનું મુખ્ય કારણ સ્ટાફની અછત હોવાનું શિક્ષણ વિભાગના અગ્ર સચિવે જણાવતા આ સંદર્ભે રાજયના મુખ્ય સચિવે આ રજુઆતનો સ્વીકાર કરીને આ માટે સામાન્ય વહીવટ વિભાગે યોગ્ય કાર્યવાહી કરી રહેલ છે એમ જણાવીને જણાવ્યું હતું કે વિભાગ કક્ષાએ નિમણુંક સમિતિની રચના સાથે એડહોક ભરતી તથા કરાર આધારિત ભરતી દ્વારા સ્ટાફની અછતને નિવારવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પંચાયત કક્ષાએ સ્ટાફ પોઝીશન અંગે સમીક્ષા કરવા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવને સૂચન કરવામાં આવતા પંચાયત વિભાગના અગ્ર સચિવે એવું જણાવ્યું હતું કે વિભાગ દ્વારા સ્ટાફ પોઝીશન અંગેની રીસ્ફલીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને જયાં ઓછું કામ હોય અને સ્ટાફ વધુ હોય તો ત્યાંથી વધારાના સ્ટાફને બદલીને જયાં વધુ કામ હોય ત્યાં સ્ટાફને ખસેડવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

## નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ૨૫મી સુધી ૧૦૦૦ છોડવાઓ રોપાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નહેરૂ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડીનેટર રજનીકાંત સુથારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ૧૫મી ઓગષ્ટથી ૨૫મી ઓગષ્ટ દરમિયાન સ્વાતંત્ર્ય પર્વ અને રાષ્ટ્રીય સદ્‌ભાવના દિન નિમિત્તે નગરમાં વૃક્ષારોપણ યોજવામાં આવશે. જે અંતર્ગત ૧૦૦૦ થી વધુ છોડવાઓ રોપાશે. જે વ્યવસ્થિત રીતે છોડવાઓનું સંવર્ધન કરશે તેને કચેરી દ્વારા નિઃશુલ્ક રમતગમતના સાધન અપાશે.

નહેરૂ યુવા કેન્દ્રના વિવિધ યુવક મંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલા મંડળો અને એન.એસ.એસ.ના સહયોગથી જિલ્લામાં વિવિધ સ્થળે વૃક્ષારોપણ થઈ રહ્યુ છે. વૃક્ષારોપણ બાદ સારૂ સંવર્ધન કરનારને રમતગમતના નિઃશુલ્ક સાધન અપાશે. સ્વાતંત્ર્ય દિને વૃક્ષારોપણ થયું હતું અને ૨૦મીએ રાષ્ટ્રીય સદ્‌ભાવના દિન નિમિત્તે પણ વૃક્ષારોપણ થશે. ૬૪મા વન મહોત્સવ નિમિત્તે માય અર્થ, માય ડ્યુટી અભિયાનના ભાગરૂપે ૧૦૦૦ થી વધારે રોપાઓ રોપવામાં આવી રહ્યા છે. વાવેલા આ છોડવાઓનું વ્યવસ્થિત સંવર્ધન કરનારને નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર તરફથી વિના મુલ્યે રમતગમતના સાધનો આપવામાં આવશે.

# રાજધાની વસાહત સેવા મંડળની રખડતા ઢોર બાબતે ફરિયાદ



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના રસ્તાઓ પર અને જે તે સેક્ટરમાં ગાયોના ત્રાસથી ગંદકી ખૂબ થાય છે અને રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે જે સંદર્ભે રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે ગાયોની અવરજવર બંધ કરાવી દેવા અને તેમના માલિકોને કાયદેસરનો દંડ ફટકારવા અપીલ કરી છે.

ગાંધીનગરમાં ગાયોનો ત્રાસથી ગંદકી ખુબ જ થાય છે અને રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે. ગાંધીનગરમાં એક હજારથી બે હજાર સુધી ગાયો રખડે છે. તે ગાયો રોડ ઉપર અને સર્કલે દસથી પંદરના ટોળા બેસી રહે છે અને સેક્ટરોમાં અને શોપીંગમાં ગાયોના ટોળા ફરતા હોય છે. જેના કારણે રોડ ઉપર ભયાનક એકસીડન્ટ થવાનો ભય પણ છે અને સેકટરોમાં ગાયો દોડધામ કરતી હોવાથી વસાહતીમાં પણ ઘણી મુશ્કેલી પડે છે અને શોપીંગ સેન્ટરમાં દુકાન આગળ અને રોડ ઉપર પુષ્કળ ગંદુ કરતી હોય છે. જેથી સવારમાં વેપારીઓએ પોતાની દુકાન આગળ ધોઈને સાફ કરવુ પડતુ હોય છે. જેના કારણે વસાહતીઓ અને રોડ ઉપર આવતા જતા વાહનોને ઘણી મુશ્કેલી પડતી હોય છે અને આની રજુઆત ન્યુઝપેપરમાં અને વારંવાર જાણ કરવા છતાં આનો કોઈ નીકાલ આવતો નથી તો તાત્કાલિક ગાંધીનગરમાંથી ગાયોની અવરજવર બંધ કરાવવી દેવી જોઈએ અને તેમના માલીકોને કાયદેસરનો દંડ ફટકારવો જોઈએ.

# ગુજરાતની જાહેર વિતરણ વ્યવસ્થાનું પારદર્શી મોડેલ એક અનોખી પહેલનું ઉદાહરણ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારની બાયોમેટ્રિક બાર-કોડેડ જાહેર વિતરણ વ્યવસ્થા કુપન સિસ્ટમ રાજ્યમાં લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટી-પીડીએસ)નું ઉત્તરદાયિત્વ તેમજ પારદર્શકતામાં થનારા સુધારાને કારણે તેના હકદાર કાર્ડ હોલ્ડરોને અનાજની સેવા પુરી પાડવામાં ન્યૂનતમ લિકેજની સુનિશ્ચિતતા કરે છે.

છેલ્લા બે વર્ષમાં સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકાર દ્વારા અપનાવવામાં આવેલા કોમ્પ્યુટરાઈઝ્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ (પીડીએસ) મોડેલની પ્રશંસા કરી હતી તેમજ કેન્દ્ર સરકારને તમામ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ જ મોડેલને અમલી બનાવવા અંગે નિર્દેશ કર્યો હતો.

દેશની ઉચ્ચત્તમ કોર્ટનો આ નિર્દેશ જસ્ટિસ ડી.પી. વાઘવા (સુપ્રિમ કોર્ટના એક ભૂતપૂર્વ જજ)ની અધ્યક્ષતામાં બનેલી એક કમિટીની ભલામણોને આધારે કરવામાં આવ્યો હતો. વિતરણની ઈલેકટ્રોનિક પ્રમાણભૂતતા તેમજ સસ્તા અનાજની દુકાનોને ચૂકવણી અંગેના એક મોડેલ તરીકે ગુજરાતની આ પીડીએસ પદ્ધતિની નોંધ લેવામાં આવી હતી. ગુજરાતના નવનિર્મિત પીડીએસ મોડેલની સફળતાની યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી.

ગુજરાતના નવિનતમ ટીડીપીએસ મોડેલની સંપૂર્ણ નાણાંકીય જોગવાઈ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી હતી અને તે રાજ્ય સરકારની એક સૌથી ખર્ચ-અસરકારક યોજના તરીકે ઉભરી આવી તે બાબતની નોંધ લેવી રહી. ગુજરાત સરકારે કોઈપણ એફપીએસને તેમની પસંદગીના સ્થળે રેશન કાર્ડના કામચલાઉ વિસ્તરણની પરવાનગી આપીને પરિવારોની હિજરત અંગેની મુશ્કેલીઓનો ઉકેલ મેળવવાની પહેલ કરી છે.

ગુજરાતની આ નવિનતમ ટીડીપીએસની સફળતાનું અન્ય એક કારણ ભૂતિયા કાર્ડને રદબાતલ કરવામાં આવ્યા તે છે. તેની સાથે-સાથે રાજ્ય સરકારે ટીડીપીએસમાં વારસદારની આપોઆપ હકદાર બનાવ્યા છે. જેનાથી ટીડીપીએસના વહીવટ અંગેની પ્રતિક્રિયાના સમયમાં સુધારો આવ્યો તેમજ જો કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર વ્યાપ્યો હોય તો તેના પર પણ અંકુશ લાવી શકાયો છે.

પીડીએસના હાલના આ વ્યવસ્થાતંત્ર હેઠળ, કેન્દ્ર સરકારે ગુજરાતના માત્ર ૨૧.૨ લાખ બીપીએલ/અત્યોંદય અને યોજના (એએવાય) પરિવારોને જ ખાદ્યાન્નની ફાળવણી માટે આવરી લીધા છે. તેની સામે આવા પરિવારોની વાસ્તવિક સંખ્યા ધ્યાને લઈને ગુજરાત સરકારે લગભગ ૩૨ લાખ બીપીએલ/એએવાય પરિવારોને માન્યતા આપી હતી અને આ ૩૨ લાખ પરિવારો માટે બીપીએલ ખાદ્યાનની ફાળવણીમાં વધારો કરવા કેન્દ્ર સરકારે રાજ્ય સરકારની આ પ્રકારની વિનંતીઓ અને માંગણીઓ પ્રત્યે દુર્લક્ષ સેવીને અન્યાયનો સીલસીલો ચાલુ રાખ્યો.

કેન્દ્ર સરકાર દ્વારા બીપીએલ પરિવારો માટે મળતાં અનાજ તથા ચીજવસ્તુઓના અપૂરતા પુરવઠાના પરિણામે રાજ્યના તમામ બી.પી.એલ. લાભાર્થીઓને પુરતો જથ્થો મળી રહે તે માટે એપીએલ ફાળવણીને એક તરફ મુકી દેવા સિવાય રાજ્ય સરકાર પાસે કોઈ વિકલ્પ ન હતો અને કેન્દ્ર સરકારે તેની પણ સ્વીકૃતિ આપી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનને પત્ર પાઠવીને તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા વિધેયક (એનએફએસઓ)માં રહેલી ખામીઓ પ્રત્યે નિર્દેશ કર્યો હતો અને વડાપ્રધાનશ્રીએ દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજીને આ વિધેયકના ઉત્તમ અમલીકરણ અંગે ચર્ચા-વિચારણા કરવા પણ આગ્રહપૂર્વકનો અનુરોધ કર્યો હતો.

## શબ્દાવલી - ૫૧૫૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | | | ■ |
| ૮ | | ■ | | ■ | ■ | ૯ | |
| | ■ | ૧૦ | | ૧૧ | ૧૨ | ■ | ■ |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | |
| ૧૬ | | | ■ | ૧૭ | | | ■ |
| ૧૮ | | ■ | ૧૯ | ■ | | ■ | ૨૦ |
| | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. સાથીદાર, કુકર્મનો ભાગીદાર (૪)
૪. પોટલું (૩)
૬. ચરણ, દરેકે પોતાના... પર ઉભું રહેવું જોઈએ. (૨)
૭. અશક્ત, ઓછા જોરવાળુ (૪)
૮. અદ્દશ્ય, દેખાય (૨)
૯. અરમાન (૨)
૧૦. એક જાતિ - કોમ (૪)
૧૩. સ્હેજ, જરીક (૨)
૧૪. પુરી ન થયેલ ઈચ્છાનો અફસોસ (૪)
૧૬. ... અને મરણ ભગવાનના હાથમાં હોય છે (૩)
૧૭. તૃપ્ત થયાનો અવાજ (૩)
૧૮. શંકા, વહેમ (૨)
૨૧. સોગન, કસમ (૩)
૨૨. શરીર, તન (૨)

### ઊભી ચાવી

૧. એક રમત (૪)
૨. આકાશ, નભ (૨)
૩. તકનો લાભ લેનાર (૪)
૪. એક જાતનું કેફી દ્રવ્ય (૨)
૫. બહુ જ ખાટો રસ, પ્રિઝર્વેટીવ (૩)
૧૦. વિશ્રામ (૩)
૧૧. સમાચાર, સગડ (૩)
૧૨. તીખુ લાગે તો મોંથી નીકળતો અવાજ (૪)
૧૩. પિતા, બાબુજી (૩)
૧૫. પતિ, ધણી (૨)
૧૬. ઉત્સવ (૩)
૧૯. શ્રાપ (૨)
૨૦. રસ્તો, પથ (૨)

### શબ્દાવલી ૫૧૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધરાર (૩) કામાતુર (૬) રજ (૭) ખાતર (૮) ખટરાગ (૯) કપટ (૧૦) તન (૧૧) પરાગરજ (૧૪) કાટમાળ (૧૭) પળોજણ (૧૯) ઉદાહરણ (૨૦) પસ

**ઊભી ચાવી :-** (૧) ધરપકડ (૨) રાજ (૩) કાતરા (૪) મારગ (૫) રમજાન (૭) ખાટ (૮) ખટપટ (૧૦) તજ (૧૨) રામા (૧૩) ગળપણ (૧૫) જણસ (૧૬) ગાઉ (૧૮) જપ



ઉત્તરાખંડ રાજ્યમાં આવેલ પવિત્ર કેદારનાથ યાત્રાધામમાં કુદરતી આપત્તિમાં અસરગ્રસ્ત બનેલા ભારતવાસીઓને ગુજરાત રાજ્ય સેવા સમિતિ સંસ્થા દ્વારા ઈન્દુલાલ યાજ્ઞિક હોલ, બાપુનગર, અમદાવાદ ખાતે સૌ સમાજના વિવિધ સમુદાયોને સાથે લઈ દેશમાં આવેલી કુદરતી હોનારતમાં ફાળો આપવાની ટહેલ નાંખી હતી. જેના અનુસંધાને સંસ્થાના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્રસિંહ એન. રાજપૂતની અધ્યક્ષતામાં માનવ કલ્યાણ માટે રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયાનો ડ્રાફ્ટ) મહામહિમ રાજ્યપાલ શ્રીમતી કમલાજી બેનીવાલના વરદ હસ્તે વડાપ્રધાન નેશનલ રીલીફ ફંડમાં સહાય આપી માનવતાના મૂલ્યોનું જતન કર્યું હતું. આ પ્રસંગે કોમીએકતા ફેલાવવાના આશયથી વિવિધ સમુદાયના ધર્મગુરૂઓ અને ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયક પ્રફુલ દવે સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થઈ

પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ મા. શાળા ખાતે ૬૭મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શાળાના સિનીયર શિક્ષક શ્રી નટુભાઈ પટલેના અધ્યક્ષ સ્થાને તથા તેમના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપી ઉમંગભેર ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના ૨૪ વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધા તથા દેશભક્તિ ગીતો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી નટુભાઈ પટેલે તથા શાળાના આચાર્ય શ્રી કે. એન. રાઠોડે સાહેબે પ્રાસંગિક પ્રવચનો કર્યો હતો. આ પ્રસંગે વડવાસા ગામના વાલીમંડળના સભ્યશ્રી વિનુભાઈએ બાળકોને પ્રોત્સાહન આપવા રોકડ પુરસ્કાર જાહેર કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નટુભાઈ પટેલે સંભાળ્યું હતું.

## ખેલ મહાકુંભ ૨૦૧૩માં ૧૨ વર્ષથી નીચેની વય જૂથના ખેલાડીઓએ પ્રાથમિક શાળા મારફતે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે

અમદાવાદ, તા.૧૮

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૨૦૧૩નું આયોજન તા. ૨૩-૧૧-૨૦૧૩ થી તા. ૨૩-૧૨-૨૦૧૩ દરમિયાન હાથ ધરવામાં આવનાર છે. ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૨૦૧૩માં ૧૨ વર્ષથી નીચેના વયજૂથનો સમાવેશ કરવામાં આવેલ છે. જેનું ઓન લાઈન રજિસ્ટ્રેશન તા. ૧ ઓગષ્ટ, ૨૦૧૩થી રાજયની તમામ પ્રાથમિક શાળા મારફતે હાથ ધરવામાં આવેલ છે. ૧૨ વર્ષથી નીચેની વયજૂથના ખેલાડીઓ બહોળી સંખ્યામાં ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવે અને તેટલી જ સંખ્યામાં ખેલાડીઓ રમતમાં ભાગ લે તેમ સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સરીતા ઉદ્યાનમાં દવા પી જઈને યુવાનનો આપઘાતનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં સ્થિત સરીતા ઉદ્યાનમાંથી ગઈકાલે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં ગાંધીનગરના અંદાજે ૩૫ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ સંદર્ભે પોલીસને જાણ થતા પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી જો કે સદ્‌ભાગ્યે દવાની અસર શરીરમાં શરૂ થાય તે પહેલા તેને સારવાર મળી રહેતા હાલ તેની સ્થિતિ સ્થિર છે. યુવાને પોલીસ કેસ કે આપઘાતનું કારણ કહેવાની ના પાડી દેતા આ સંદર્ભે કોઈ કાયદેસરની કાર્યવાહી થવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.

# સચિવાલય જીમખાનાની ૨૫મીએ વાર્ષિક સભા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલા સચિવાલય જીમખાનાની વાર્ષિક સામાન્ય સભા ૨૫મી ઓગષ્ટના રોજ યોજવામાં આવશે. બેઠકમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા ઉમેદવારોને સન્માનીત કરવામાં આવશે.

સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૨૫મી ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ સભામાં વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષના હિસાબો તથા અન્ય કામો હાથ ધરવામાં આવશે. જીમખાનાના જે સભ્યોએ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રથમ, દ્વિતિય કે તૃતીય ક્રમે રહીને સિદ્ધિ મેળવેલ હોય તેવા સભ્યોનું અભિવાદન કરવાનો કાર્યક્રમ પણ આ સભામાં રાખવામાં આવ્યો છે. સભ્યોએ પોતાની સિદ્ધિની વિગત તા. ૨૨ ઓગષ્ટ-૨૦૧૩ સુધીમાં જીમખાનાના મેનેજરને અથવા મો. નં. ૯૮૯૮૦૮૬૨૮૦ ઉપર આપવા જણાવાયું છે. આ જ સભામાં જીમખાનાના સભ્યોના જન્મદિવસ નિમિત્તે અભિવાદન કરવાના કાર્યક્રમનું પણ આયોજન હોઈ દરેક સભ્યને આ સભામાં અચૂક હાજર રહેવા જીમખાનાના માનદ મંત્રી એચ.ડી. સેઈલરે જણાવ્યું છે.

## સેક્ટર-૭-સી નવરાત્રિ સમિતિની ૨૨મીએ બેઠક

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-સીમાં શિવશક્તિ નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા આગામી નવરાત્રિ નિમિત્તે સમિતિની સામાન્ય સભા ૨૨મી ઓગષ્ટ-૨૦૧૩ને ગુરૂવારે શીવશક્તિ મંદિરના પરિસરમાં યોજાશે. નવરાત્રિ સમિતિની સામાન્ય સભામાં આગામી નવરાત્રિના આયોજન તેમજ હોદ્દેદારોની વરણી તથા હિસાબ કિતાબોને બહાલી આપવામાં આવશે. વસાહતીઓને ઉપસ્થિત રહેવા મહામંત્રી તળજાભાઈ દેસાઈએ ખાસ અપીલ કરી છે.

## ગુજરાતમાં ગરીબી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોવા, મહારાષ્ટ્ર અને હરીયાણા પછી ચોથા નંબરે આવે છે જ્યારે ગરીબીમાં ગુજરાતનો નંબર આઠમાં ક્રમાંકે રહેલ છે જ્યારે મધ્યપ્રદેશ, ઓરીસ્સા, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢ જેવા પછાત રાજ્યોનો ગરીબી ક્રમાંક ૧૩ થી ૧૭માં નંબરે છે. આદિવાસીઓ અને પછાત વિસ્તારોમાં પાણી પુરુ પાડવામાં મધ્યપ્રદેશ કરતા પણ ગુજરાત પાછળ છે. આદિજાતિ વિસ્તારોમાં ૪૫ ટકા એનરોલમેન્ટ સામે રાજ્યમાં સરેરાશ એનરોલમેન્ટ દર ૮૬.૫ ટકા છે. આમ ઓરીસ્સા, છત્તીસગઢ, મધ્યપ્રદેશમાં વિકાસદર ઓછો હોવા છતાં પણ ગરીબી ગુજરાત કરતાં ઓછી છે.

## શહેરના માર્ગોથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિવાય જૂના સેક્ટરોના આંતરિક માર્ગો ઉપરાંત પથિકાશ્રમથી વાવોલ તેમજ ક-૫ થી ક-૬ માર્ગની હાલત અત્યંત દયાજનક હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના ૬૧૩ કી.મી.ના રોડનેટવર્ક પૈકી ઘણા ખરા માર્ગોને નિયત સમયગાળા બાદ પણ નવીનીકરણ હેઠળ આવરી લેવાનુ બાકી છે. રસ્તા સુધારણાના કામ બાકી હોય તેવા માર્ગો તદ્દન ઉબડખાબડ બની ગયા છે. અગાઉ તંત્ર દ્વારા વરાપના સમયે માર્ગો પર સ્પ્રે છાંટી વધુ ધોવાણ થતુ અટકે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ વરસાદ યથાવત રહેતા હાલ પણ મોટાભાગના માર્ગો પર ધુળ અને કાંકરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. છેલ્લા બે દિવસથી ઉઘાડ નિકળતા મોટાભાગના માર્ગો પર માટી પથરાઈ ગઈ છે. તંત્ર દ્વારા શહેરના માર્ગોની સફાઈ ઉપરાંત ગાબડા દૂર કરવા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.